ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨
ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૧૨૩/૧૮–૧૯/ 5567
તારીખ : 13 DEC 2018

પ્રતિ,
શ્રી ચૌહાણ ભરતભાઈ રવજીભાઈ,
મહુવા રોડ, ટાંકલીથી આડો કેડો દરીયાવળો કેડો,
મુ.નીચા કોટડા, તા.મહુવા, જી.ભાવનગર.

કેસ નં.૧૨૩/૧૮–૧૯

**વિષય : સોલાર કનેકશન મળવા બાબત.**
સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૦૫/૧૦/૧૮.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૨૩/૧૮–૧૯/૪૫૬૨ તા.૦૯/૧૦/૧૮.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૨૩/૧૮–૧૯/૫૨૩૦ તા.૧૭/૧૧/૧૮.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૭/૧૧/૧૮** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ. પી. સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણઃ– ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**

*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **મહુવા ગ્રામ્ય–૨.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **<u>કેઈસ નંબર - ૧૨૩/૧૮-૧૯</u>** ☜

વાદી :- શ્રી ચૌહાણ ભરતભાઈ રવજીભાઈ

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :- પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **રજુઆતની તારીખ**:- ૨૭.૧૧.૨૦૧૮ ◈

હાજર રહયા :- પોતે

પ્રતિવાદી :- શ્રી એચ.એન.શાહ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા.

(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી ચૌહાણ ભરતભાઈ રવજીભાઈ, મુ.નીચા કોટડા, તા.મહુવા, જી.ભાવનગરની સોલાર કનેકશન મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૨૩/૧૮-૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૧૨૩/૧૮-૧૯/૪૫૬૨ તા.૦૯.૧૦.૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૨૭.૧૧.૧૮ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી શ્રી એચ.એન.શાહ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:- ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો અરજદાર મહુવા તાલુકાના નીચાકોટડા ગામે મહુવા રોડ, ટાકલીથી આડો કેડો, દરીયાવાળો કેડો ત્યાં અમારી ખેતીવાડી આવેલી છે ત્યાં અમો રહીએ છીએ.

૧.૨ અમારી વાડીમાં અમો દવારા સરકારશ્રી તેમજ કંપની દવારા સૌર ઉર્જા સંચાલીત સોલાર સેટ માટેની સ્કીમ બહાર પાડેલ ત્યારે તેમાં લાભ લેવા માટે નિયમ મુજબ તમામ આધાર પુરાવા રજુ કરી અમારી વીજકચેરી મહુવા ગ્રામ્ય-૨ માં તા.૦૯/૦૬/૨૦૧૬ ના રોજ રૂ.૪૦/- રસીદ નં.૧૮૭૧૯૭ થી રજીસ્ટ્રેશન ચાર્જના નાણા ભરપાઈ કરેલ છે.

૧.૩ તેમજ ખેતીવાડી સોલારપંપ લેવા માટે પણ રજીસ્ટ્રેશન ચાર્જના નાણા રૂ.૧૦૦૦/- રસીદ નં.૧૮૭૧૯૮ થી તા.૦૯/૦૬/૨૦૧૬ ના રોજ ભરપાઈ કરેલ છે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

૧.૪ અમારા દવારા તા.૧૭/૦૩/૨૦૧૭ ના રોજ અમારૂ ઘરવપરાશનું સોલારનું કોટેશન આવેલ ન હતું તેથી મે ફરીયાદ કરેલ અને મહુવા ગ્રામ્ય–૨ વીજકચેરીમાંથી સ્થળ પર તપાસ કરવા આવેલ અને જણાવેલ કે થોડા સમયમાં તમારે કોટેશન આવશે. જેના અનુસંધાને તા.૩૦/૦૬/૨૦૧૭ ના રોજ ૫૦૯૪ નંબરનું કોટેશન અમોને મળેલ. સદર કોટેશન અમારા દવારા રૂા.૪૫૦૦/– તા.૧૩/૦૭/૨૦૧૭ ના રોજ રસીદ નં.૨૨૧૮૨૨ થી ભરપાઈ કરેલ છે.

૧.૫ હાલ સદર કોટેશન ભરપાઈ કર્યે ૧ વર્ષ કરતાં વધારે સમય વીતી ગયેલ હોવા છતાં અમારી વાડીએ કોઈ ઘરવપરાશ માટે સોલાર સેટ લગાવવા આવેલ નથી.

૧.૬ ખેતીવાડી સોલાર કનેકશન મેળવવા માટે અમારા દવારા રૂા.૧૦૦૦/– ભરપાઈ કરેલ, તેનું અંદાજપત્ર પણ આજદિન સુધી આવેલ નથી.

૧.૭ આપ સાહેબને અમારી નમ્ર અરજ છે કે અમોને ઘરવપરાશનું સોલાર કનેકશન મળે અને ખેતીવાડીનું સોલારનું કોટેશન મળે તેવો હુકમ કરવા વિનંતી છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ સદર અરજદાર મહુવા તાલુકાના નીચાકોટડા ગામે મહુવા રોડ, ટાકલીથી આડો કેડો, દરીયાવાળો કેડો ત્યાં અમારી ખેતીવાડી આવેલી છે ત્યાં રહે છે.

૨.૨ સદર અરજદાર દવારા તેમની વાડીમાં સરકારશ્રી તેમજ કંપની દવારા સૌર ઉર્જા સંચાલીત સોલાર હોમ લાઈટ માટેની સ્કીમ બહાર પાડેલ ત્યારે તેમાં લાભ લેવા માટે નિયમ મુજબ તમામ આધાર પુરાવા રજુ કરી તા.૦૯/૦૬/૨૦૧૬ ના રોજ રૂા.૪૦/– રસીદ નં.૧૮૭૧૯૭ થી રવજીભાઈ ભુરાભાઈના નામથી રજીસ્ટ્રેશન ચાર્જના નાણા ભરપાઈ કરેલ છે.

૨.૩ સદર અરજદારને મહુવા ગ્રામ્ય–૨ વીજકચેરી દવારા તા.૩૦/૦૬/૨૦૧૭ ના રોજ જાવક નં.૫૦૯૪ થી રૂા.૪૫૦૦/– નું સોલાર હોમ લાઈન કનેકશન મેળવવા માટેનું અંદાજપત્ર પાઠવવામાં આવેલ છે.

૨.૪ સદર અરજદાર દવારા તે સોલાર હોમ લાઈટ મેળવવા માટેનું અંદાજપત્ર તા.૧૩/૦૭/૨૦૧૭ ના રોજ રસીદ નં.૨૨૧૮૨૨ થી રૂા.૪૫૦૦/– ભરપાઈ કરેલ છે.

૨.૫ મહુવા વિભાગીય કચેરી દવારા અંદાજપત્ર ભરપાઈ કર્યા બાદ પડતર રહેલ અરજીઓની યાદી રવજીભાઈ ભુરાભાઈ અરજદારના નામ સાથેની યાદી ભાવનગર વર્તુળ કચેરીને પાઠવવામાં આવેલ છે.

૨.૬ ભાવનગર વર્તુળ ખાતે સોલાર હોમ લાઈન સીસ્ટમ સ્કીમમાં અંદાજપત્ર ભરપાઈ કર્યા બાદ પડતર રહેલ અરજીઓની યાદીમાં કુલ ૨૭૪ અરજીઓ પડેલ છે તેમાંથી સદર અરજદારનો PP ક્રમાંક ૧૯૬ છે.

૨.૭ ભાવનગર વર્તુળ કચેરી દવારા અંદાજપત્ર ભરપાઈ કર્યા બાદ પડતર રહેલ અરજીઓની યાદી પીજીવીસીએલ નિગમિત કચેરી, રાજકોટને આગળની યોગ્ય કાર્યવાહી અર્થે સદર કરવામાં આવેલ છે.

૨.૮ વધુમાં જણવવાનું કે સોલાર હોમ લાઈટ યોજના અંતર્ગત સરકારશ્રી દવારા વાર્ષિક નાણાકીય બજેટમાં ફાળવવામાં આવતી ગ્રાન્ટને અનુરૂપ કામગીરી કરવાની હોય છે. જેથી સદર યોજનામાં પડતર રહેલ અરજીઓની કામગીરી

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

પુર્ણ કરવા અર્થે પીજીવીસીએલ નિગમિત કચેરી, રાજકોટ દવારા વડી કચેરી, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ, વડોદરાને સાદર કરેલ છે. જેથી સદર બાબતે સરકારશ્રીમાંથી નિર્ણય આવ્યે અગ્રતાના ધોરણે સદર કામગીરી પુર્ણ કરવામાં આવશે.

૨.૯ તેમજ સદર અરજદાર દવારા રવજીભાઈ ભુરાભાઈના નામથી ખેતીવાડી સોલારપંપ મેળવવા માટે પણ રજીસ્ટ્રેશન ચાર્જના નાણા રૂા.૧૦૦૦/– રસીદ નં.૧૮૭૧૯૮ થી તા.૦૯/૦૬/૨૦૧૬ ના રોજ ભરપાઈ કરેલ છે.

૨.૧૦ મહુવા વિભાગીય કચેરી દવારા ખેતીવાડી સોલાર પમ્પસેટ કનેકશનો મેળવવા માટે અરજદાર દવારા રજીસ્ટ્રેશન ચાર્જ ભરપાઈ કરેલ હોય અને અંદાજપત્રક પાઠવવાના બાકી હોય તેવી પડતર અરજીઓ ભાવનગર વર્તુળ કચેરીને સદર કરવામાં આવેલ છે.

૨.૧૧ ભાવનગર વર્તુળ કચેરીમાં ૦૧/૦૪/૨૦૧૮ થી અંદાજપત્રકો પાઠવવાના બાકી હોય તેવી કુલ પડતર અરજીઓ ૬૧૪ છે, તેમાંથી સદર અરજદારનો GP પ્રાયોરીટી ક્રમાંક ૨૦ નંબર ૫૨ છે.

૨.૧૨ સદર અરજદારનું સોલાર વોટર પંપ મેળવવા માટેનું અંદાજપત્ર હજુ પાઠવવામાં આવેલ નથી. કારણકે વર્ષ ૨૦૧૭–૧૮ ના નાણાકીય ટાર્ગેટ પુર્ણ થયેલ હોવાથી વર્ષ ૨૦૧૮–૧૯ ના વર્ષમાં વર્તુળ કચેરી દવારા સુચના અપાયેથી તેમનું અંદાજપત્ર ફાળવવામાં આવશે.

૨.૧૩ સદર બંને યોજનાઓમાં સરકારશ્રી દવારા સબસીડી આપવામાં આવતી હોય છે અને તેના અનુસંધાને બંને યોજનાઓમાં સરકારશ્રી દવારા વાર્ષિક બજેટ ફાળવણી અનુસાર વાર્ષિક નાણાકીય લક્ષાંકોને ધ્યાને લઈને ફીઝીકલ કુલ કનેકશનો આપવા માટેનો લક્ષ્યાંક નકકી કરવામાં આવે છે. સદર નાણાકીય ટાર્ગેટ અનુસાર સોલાર યોજનામાં જે તે લેવલની આગળની પડતર અરજીઓની કાર્યવાહી આગળ હાથ પર લેવામાં આવતી હોય છે તેથી સરકારશ્રી દવારા નવો નાણાકીય ટાર્ગેટ મળ્યા મુજબ અને તેના અનુસંધાને હાયર ઓથોરીટી દવારા સુચના મળ્યેથી સદર બંને અરજીઓની આગળની કાર્યવાહી હાથ ધરી શકાય.

☞ **<u>ફોરમનું તારણ</u>** :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી ભરતભાઈ રવજીભાઈ ચૌહણએ તેમની ખેતીલાયક જમીનમાં રવજીભાઈ ભુરાભાઈના નામથી તા.૦૯/૦૬/૨૦૧૬ ના રોજ ગામ–નીચાકોટડામાં સોલાર હોમ લાઈટનાં નવા વીજજોડાણ માટે અરજી નોંધણી કરાવેલ છે તેમજ સોલાર પમ્પના વીજજોડાણ માટે તા.૦૯/૦૬/૨૦૧૬ ના રોજ રૂા.૧,૦૦૦/– ભરી, અરજી નોંધણી કરાવેલ છે.

૩.૨ પ્રતિવાદી દવારા વાદીને સોલાર હોમ લાઈટ માટેનું તા.૩૦/૦૬/૨૦૧૭ ના રોજ રૂા.૪,૫૦૦/– નું અંદાજપત્ર પાઠવવામાં આવેલ, જે વાદીએ તા.૧૩/૦૭/૨૦૧૭ ના રોજ ભરપાઈ કરી આપેલ, પરંતુ પ્રતિવાદી દવારા વાદીનું સોલાર હોમ લાઈટ વીજજોડાણ ચાલુ કરવામાં આવેલ નથી, તેવી વાદીની ફોરમને રજુઆત છે.

૩.૩ પ્રતિવાદી દવારા વાદીને માંગેલ સોલાર પમ્પનું ખેતીવાડી વીજજોડાણ માટે અંદાજપત્ર આપવામાં આવેલ નથી, તેવી વાદીની ફોરમને રજુઆત છે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

..૪..

૩.૪ સોલાર હોમ લાઈન વીજજોડાણની કુલ ૨૭૪ અરજીઓ હાલ પડતર છે, જેમાં વાદીની અરજીનો ક્રમાંક ૧૯૬ છે. જયારે સોલાર પમ્પનાં ખેતીવાડી વીજજોડાણમાં કુલ ૬૧૪ અરજીઓ પડતર છે, જેમાં વાદીની અરજીનો ક્રમાંક ૨૦ નંબર ૫૨ છે.

૩.૫ સોલાર હોમ લાઈટ યોજના તેમજ સોલાર પમ્પનાં ખેતીવાડી વીજજોડાણની યોજના સરકારશ્રીની યોજના છે, જેમાં સરકારશ્રી તરફથી સબસીડી આપવામાં આવે છે તેમજ ફંડ અને બજેટના આધારે અગ્રતાક્રમ મુજબ જોડાણો આપવામાં આવે છે, વાદીનાં બન્ને જોડાણનો અગ્રતાક્રમ ૩.૪ મુજબમાં જણાવ્યા મુજબનો છે, તેથી વાદીનાં બન્ને વીજજોડાણો અગ્રતાક્રમ મુજબ પ્રતિવાદી દવારા આપવામાં આવશે.

**—:: હુકમ ::—**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૫ મુજબ હુકમ કરવામાં આવે છે."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| | ગેરહાજર | |
| **(બી. જે. દવે)** | **(પી. એચ. માવાણી)** | **(એમ. આર.વજરીયા)** |
| **સ્વતંત્ર સભ્યશ્રી** | **ટેકનીકલ સભ્યશ્રી** | **અધ્યક્ષશ્રી,** |
| | | **ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ** |
| | | **પ.ગુ.વિ.કાં.લી.:ભાવનગર.** |

તારીખ :– **૨૭.૧૧.૨૦૧૮**

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar